# 57th ANNUAL CONVOCATION

# शील श्रुतम्

Glorious Years

*Model for Rural Development*



## Chancellor
## Shri Om Prakash Kohli



## Chief Minister
## Smt. Anandiben Patel



His Excellency, Shri Om Prakash Kohli, sworn in as the 24th Governor of Gujarat on 16th July, 2014, and the honourable Chancellor of Sardar Patel University, Vallabh Vidyanagar, was born on 9 August, 1935 to late Shri Manohar Lal Kohli and late Shrimati Shiv Devi in Delhi. After completion of his school education and Bachelor's studies, he did his M. A. in Hindi Literature from University of Delhi. He also received his '*Prabhakar*' from Punjab University and *'Sahitya Ratna'* from Prayag. He began his illustrious academic career as Lecturer in Hindi at Hansraj College, University of Delhi. Subsequently he joined Deshbandhu College, University of Delhi. He superannuated as Reader in 1994 after a long academic career spanning over more than 34 years.

Shri Kohli evinced his passion for activism and leadership right from his young age as a student. He was the PM of Students' Parliament of Hansraj College. He was also elected as the Member of Executive Council of

Sworn in as the first woman Chief Minister of Gujarat on 22 May, 2014, and the Chief Guest of this Annual Convocation Ceremony, Smt. Anandiben Patel was born on 21 November, 1941, in Kharod village of Vijapur taluka of Mehsana district in Gujarat. She was one of the only three girl students in N. M. High School where she had distinguished herself as an athlete by becoming the district level champion for three consecutive years. She was also awarded *'Veerbala'* award. She did her B. Sc. from M. G. Panchal Science College, Pilvai in 1960, where she was the only female student in the entire college. After graduation, she joined, as her first job, 'Mahila Vikas Gruh' at Visnagar for the upliftment of women and taught vocational courses to widows. She got her Master of Science after moving to Ahmedabad, after which she joined Mohiniba Vidyalaya in 1970 as a teacher of Science and Mathematics in Higher Secondary stream and later became principal of the same school. In due recognition of her contribution as a teacher to the field of education, she has been

Delhi University Students Union (DUSU). He was selected as the All India President of Akhil Bhartiya Vidyarthi Parishad (ABVP) for three consecutive terms.

Shri Kohli continued with his spirit of activism even during his academic career as a teacher. He held the prestigious position of the President of Delhi University's Teachers Association (DUTA) from 1973 to 1979. He was also elected as the Member of Academic and Executive Councils of University of Delhi. He had also been the President of National Democratic Front (NDTF), a nationalist organisation of university teachers.

Apart from being a student-teacher activist, Shri Kohli has also been continually associated with the sphere of political activism. He was arrested for the period of 19 months under the Maintenance of Internal Security Act (MISA) during the National Emergency and was lodged in Delhi, Agra and Varanasi jails.

Shri Kohli entered into active politics when he was elected as the Member of Rajya Sabha for the period of 1994-2000. He has also been the Chairman of Housing Committee, Rajya Sabha. Apart from this, he has also served as the Member of various Standing Committees such as Finance and Urban & Rural Development. He was also the Member of the Consultative Committee for the Ministry of Surface Transport.

The various prestigious organisational positions held by Shri Kohli include the President of Delhi State BJP, twice, during 1991-95 and 2009-10, National Secretary of BJP, the *Prabhari* (In-charge) of states like

felicitated with the Governor's Award for the Best Teacher in Gujarat in 1988 as well as the President's Award for the Best Teacher in 1989.

Smt. Anandiben Patel's political career began with an accident during a school picnic in 1987 when she jumped into the Sardar Sarovar reservoir at Navagam, Kevadia to save two girls from drowning. This bravery, for which she received the Gallantry Award, drew the attention of political leaders who suggested she join the field of active politics for the purpose of social service and welfare. Initially hesitant, she joined Bharatiya Janata Party (BJP) as the President of Gujarat Pradesh Mahila Morcha in 1987.

Smt. Anandiben Patel was elected as the Member of the Rajya Sabha from Gujarat in 1994. During her tenure, she represented India in the Fourth World Women's Conference at Beijing, China in 1994–95 and visited Bulgaria along with Shri Atal Bihari Vajpayee and the then Lok Sabha Speaker Shri P. A. Sangma. After her resignation from the Rajya Sabha in 1998, she was elected as the Member of the Legislative Assembly (MLA), Gujarat from Mandal constituency in Ahmedabad. She was made the State Minister in Shri Keshubhai Patel's ministry and as the fifth woman Cabinet Minister was assigned the Education Department and Women & Child Welfare Department. In her first term as Education Minister she took innovative measures such as *'Lokdarbar'* and *'Shala Praveshotsav'*, the later being still the flagship programme of the Education Department, resulting into 100% increase in enrolment of school students.

Jammu and Kashmir, Punjab, Chandigarh, Haryana, Himachal Pradesh and Rajasthan, the Secretary as well as the President of BJP's Central Disciplinary Committee, apart from being In-charge of several BJP headquarters.

Mr. Kohli, as an eminent academician, is primarily interested in academics and educational activities. He has also actively contributed to the field of academics in the capacity of an author. He has authored three books in Hindi, namely राष्ट्रीय सुरक्षा के मोर्चे पर, शिक्षा नीति and भक्तिकाल के संतो की सामाजिक चेतना.

The fraternity of Sardar Patel University extends hearty welcome to Shri Om Prakash Kohli, the honourable Chancellor of this University, on his first visit to this academic campus. ■

Smt. Anandiben Patel won her 2002 and 2007 assembly elections from Patan constituency under the leadership of the then Chief Minister of Gujarat Shri Narendra Modi. As the Cabinet Minister, she shouldered the responsibility of departments such as Education, Women & Child Welfare, and Sports, Youth & Cultural Activities in her second term, and in the third, of Road & Building (R&B) and Revenue. In the 2012 Gujarat Assembly Election she was elected from Ghatlodiya constituency of Ahmedabad with maximum lead in the entire state.

Smt. Anandiben Patel took oath as the 15$^{th}$ Chief Minister of Gujarat on 22 May, 2014, succeeding Shri Narendra Modi after the latter assumed the office of the Prime Minister of India. She is the first woman ever to have become the Chief Minister of the state of Gujarat. She looks after the departments such as Home, Revenue, Industries, Ports, Narmada, Kalpasar, Information & Broadcasting, Urban development, Urban Housing, Disaster Management, Climate Change, General Administration, and Administrative Reforms & Training. The leading national daily *Indian Express* has listed her in top 100 most influential people of India for the year 2014.

One of the important matters on her agenda for social welfare is Women's Empowerment through economic development. She has contributed effectively towards this end by serving as the Chairperson of 'Sahiyar Mahila Credit Society' as well as by supporting the foundation and functioning of Cafeteria at V. S. Hospital, Ahmedabad, run by 'Sahiyar Mahila Trust'. Moreover, she is also the Founder of 'Gramshree Trust' and the Director of 'Gramshree Women Empowerment Section' and working for empowering 'Anganwadis' in slum areas, promoting women's self-employment, organising health checkup camps for women and children, and setting up distribution centres for products created by women.

The educational campus of Sardar Patel University at Vallabh Vidyanagar is privileged by Smt. Anandiben Patel's first visit here in her capacity of the Chief Minister of Gujarat. The entire academic fraternity of Vallabh Vidyanagar warmly welcomes her.

■

सत्यमेव जयते

प्रधान मंत्री

Prime Minister



**MESSAGE**

I am happy to learn that the Sardar Patel University, Vallabh Vidyanagar is organizing its $57^{th}$ Annual Convocation.

It is heartening to know that the Sardar Patel University has been imparting knowledge to the students in varied disciplines for past six decades. I hope that the students of Sardar Patel University continue to bring laurels for our country.

I congratulate the degree recipients, teachers and the administration of the University on this occasion.

(Narendra Modi)

New Delhi
27 August, 2014

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર
વર્ષઃ ૨૫ અંકઃ ૨ સપ્ટેમ્બર-ડિસેમ્બર,૨૦૧૪ ભાદરવો-માગસર ૨૦૭૦ સળંગ અંકઃ ૨૪૭


| University Updates | Gold Medals/ Prizes | Departments in News | Colleges in News | Teachers' Corner | Students' Corner | Community Corner |
|---|---|---|---|---|---|---|
| 4 | 10 | 19 | 21 | 30 | 33 | 38 |


## સ્વચ્છ ભારત અભિયાન






મહાત્મા ગાંધીની ૨૦૧૯માં આવનારી દોઢસોમી જન્મજયંતીને ધ્યાનમાં રાખીને ૨૦૧૪ની ગાંધી જયંતીથી ભારત સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કર્યો છે. એના ભાગરૂપે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ પણ 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' નામે એક પહેલ કરી છે. આ પહેલનો આરંભ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરથી થયો. આ માટે ભારત સરકારનાં માનવ સંશાધન મંત્રી શ્રીમતિ સ્મૃતિ ઝુબીન ઈરાની અને આયોગના ચેરમેન પ્રો. વેદ પ્રકાશ આપણી યુનિવર્સિટીમાં પધાર્યાં. આ પ્રસંગે એમણે પોતે યુનિવર્સિટીના પ્રાંગણમાં સફાઈ કરીને આ અભિયાનની વિશેષ જાણકારી આપતું ચોપાનિયું તરતું મૂક્યું.

'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત' કાર્યક્રમ માટે ખાસ અહીં પધારેલાં શ્રીમતી સ્મૃતી ઈરાનીએ આ અભિયાનની ભૂમિકા સ્પષ્ટ કરી હતી ને સૌ પાસે પ્રતિજ્ઞા લેવડાવી કે હું વરસે સો કલાક અને અઠવાડિયે બે કલાક શ્રમદાન કરીશ. એટલું જ નહીં, હું ગંદકી કરીશ નહીં ને કોઈને કરવા પણ નહીં દઉં. એમણે મનની ગંદકી પણ દૂર કરવાની ટકોર કરી હતી.

યુજીસીના ચેરમેને 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' કાર્યક્રમની વધુ વિગતો આપતા જણાવ્યું કે 'સ્વચ્છ ભારત' અંતર્ગત હરિયાળા આવરણ માટે વૃક્ષારોપણ અને વનસંરક્ષણના કાર્યક્રમો, જૈવિક કચરા દ્વારા ઊર્જા અને ખાતરનું ઉત્પાદન, કચરાનું અસરકારક વ્યવસ્થાપન અને પુનર્યોજન, આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં

અનુસંધાન પાન ૨૩ પર...

## Index

1. From the Desk of Vice-Chancellor
2. Editorial
3. University Updates
4. Uni. Youth Festival
5. Gold Medals / Prizes
6. Departments in News
7. Colleges in News
8. Teachers' Corner
9. Students' Corner
10. Community Corner

## Editorial Board

**Param Pathak**

**Dinesh Karia**

**Ujjawal Trivedi**

**Hemant Dave**

**Manish Solanki**

**Dharmendra Mistry**

**Arpit Patadiya**

**John Parmar**

**Nilesh Shah**

**Layout Design: Suresh Patel**

## Editorial Policy

**Sheel Shrutam** is the newsletter of Sardar Patel University.

**Sheel Shrutam** publishes news of University's academic institutions, teaching and non-teaching staff and of students.

**Sheel Shrutam** is published on the 15th of June, August, October, December and February in an academic year.

News should be sent to Param Pathak so as to reach fifteen days before the date of publication; news received after that will be included in the next issue.

News should be brief and neatly typed; in case of handwritten news, it should be clearly legible. Photographs—hard, not soft, copy—of important news may also be sent.

News should be sent on the letter-head of the Institution and duly signed.

The decision of the Editorial Board will be final in matters of selection/ editing/publication of news.

**Sheel Shrutam** holds the copyright to the material— textual and photographic—published therein. The right to reprint and reuse such material lies with the University.

The contributors are solely responsible for matters published in **Sheel Shrutam**.

# From Vice-Chancellor's Desk



## TRIBUTE TO PROFESSOR KIREET JOSHI

Sardar Patel University, Vallabh Vidyanagar, Gujarat expresses deep condolence on the sad demise of **Prof. Kireet Joshi**, an extra-ordinary scholar and exponent of the philosophy of Sri Aurobindo and the Mother, Registrar of Sri Aurobindo International Centre of Education (1958-76), **a senior sadhak of Sri Aurobindo Ashram, Pondicherry**, and an eminent educationist of the country.

During his prestigious services in the fields of Education, Philosophy, Governance and Renaissance in India, as sanctioned by the Mother, he served in his best capacities to the world as Education Advisor to the Prime Minister of India, Secretary to the Ministry of Education, Govt. of India, Founder Secretary and Chairmen of Indian Council of Philosophical Research, Chairman, Auroville Foundation, Chairman of UNESCO Committee on International Education (1986-90), Vice-Chairman, UNESCO Institute of Education, Hamburg and Educational Advisor to the then Chief Minister of Gujarat (2008-2010) and truly became a herald of the Divine Knowledge among mankind.

His services to the Indian Education in various capacities such as Member Secretary, National Commission for Teacher (1982-85), Member of the UGC (1981-90) and Member, Central Advisory Board of Education (1976-88) were noteworthy. His contribution in framing/restructuring constitutions and establishing of many Indian Central as well as State universities like IGNOU, Vishwa Bharati University, Pondicherry University, Rashtriya Sanskrit Vidyapeet, Tirupathy, Children's University and Indian Institute of Teachers Education, Gandhinagar etc. will spread light for centuries. Through his initiative of Gujarat Educational Innovations Commission, he has shown a path for transcending the entire system of present eduction to the synthesis of eastern spiritual values and western material developments on the basis of Integral Education for the highest welfare of mankind.

**Sardar Patel University was privileged to have published, under the auspices of Sri Aurobindo Chair of Integral Studies, some of his booklets, namely, "Contemporary Crisis of Humanity and Search for its Solutions", "Beyond Religion: Towards Synthesis", "Harmony and Integral Spirituality", "Philosophical Notes on**



**IbnRushd",** and **"Importance of Sanskrit"**. His great works on various themes such as Sri Aurobindo and the Mother, Integral Philosophy, Indian Culture, Vedas, Education, Science and Spirituality etc. containing more than 60 books and 20 small booklets will be an asset to the budding generation.

The University had honour of inviting him to deliver A B Patel Endowment Lecture and also conducting a high level meeting of Innovations in Education. **The University also acknowledges with gratitude his special guidance to one of the faculty members** Dr. Vibha Vaishnav **for advanced research on "Science and Spirituality" at Sri Aurobindo Ashram, Pondicherry during June 2010 to May 2011 inspite of his ill health.** The University is marching ahead taking up his suggestion to carry out the Interdisciplinary research activities. The University was also one of the first to implement the Choice based Credit System suggested by him and is planning to offer various cross boundary courses under that.

We believe, such extra-ordinary souls continue working for the Divine through subtle physical and we are sure, the work initiated by him under the guidance of Sri Aurobindo and The Mother will continue to elevate and enlighten mankind.

May his soul remain always in the Divine.

**- Harish Padh**



# Editorial

## માતૃભાષા, ઉચ્ચ શિક્ષણ, અને ભાષાપ્રેમ વિશે

ના, ભાષાના મિથ્યાભિમાનની કે સંકુચિત ભાષાવાદની આ વાત નથી.

'શું શાં પૈસા ચાર' જેવી કહેવતોમાં ગુજરાતી પ્રજાની પોતાની ભાષાની અનભિજ્ઞતા અને પોતાની ભાષા પરત્વેની બેતમા સચવાઈ છે એમ, એક ગુજરાતી તરીકે આપણને (કદાચ) ન ગમે તો પણ, સ્વીકાર્યા વિના છૂટકો નથી. વાત ગુજરાતી શબ્દોના ઉપયોગની હોય, એમના સાચા પ્રયોગની હોય, જોડણીની હોય કે અન્ય, આપણે ભાગ્યે જ એ વિશે સભાન હોઈએ છીએ.

ગુજરાતીનો સાર્થ જોડણીકોશ મહાત્મા ગાંધીની પ્રેરણાથી પ્રગટ થયો ત્યારે એમણે કહેલું કે 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી'. આ વાક્ય સાર્થ જોડણીકોશમાં અભિલેખદાખલ ટાંકવામાં આવ્યું છે. છતાં, જોડણીનું સરેઆમ હનન કરતાં આપણાં વિશ્વવિદ્યાલયોને, દૂરદર્શન જેવાં સરકારી તંત્રોને, અધ્યાપકો-વિદ્યાર્થીઓને, કે આમઆદમીને, સહેજે શરમ લાગતી નથી. અંગ્રેજી શબ્દની જોડણી કરતાં દસ વાર 'ડિક્શનરી' ઉથલાવતા અને પંદર 'જાણકારો'ને પૂછીને જોવાની તમા રાખતા લોકો પણ ગુજરાતી શબ્દોની જોડણી તો પોતાની સ્વેચ્છાએ જ કરે; માતૃભાષા ખરી ને! 'દીપાવલિની અને નવા વર્ષની શુભેચ્છા'નાં છપાતાં અભિનંદન-પત્રોમાં અડધોઅડધ પત્રોમાં 'દિપાવલિ' એમ એમ ખોટી જોડણી હોવાની! ગુજરાતીઓ તો વેપારી પ્રજા, એમનો સંબંધ શ્રી સાથે, સરસ્વતી સાથે નહીં, એમ કહી શાહમૃગી બચાવ કરવો હોય તો કરી શકાય, બેશક!

મરાઠી વર્તમાનપત્રોમાં 'વિશ્વચષક', 'ચેંડુ', 'ધાવ' કે એવા શબ્દો વાંચીએ ત્યારે એમના ભાષાભિમાનનો બલકે ભાષાપ્રેમનો ખ્યાલ આવે. ગુજરાતી અખબારોમાં તો 'વર્લ્ડકપ', 'બોલ', 'રન' એમ જ લખાય; બલકે 'અણનમ' કે 'સદી' જેવા શબ્દોને સ્થાને હવે 'નૉટઆઉટ' અને 'સેન્ચ્યુરી' (સાચો ઉચ્ચાર 'સેન્ચરી') ગોઠવાઈ ગયા છે. 'આ પેપર ઉપર નેમ લખી સાઈન કરવી' કે 'હેન્ડ વૉશ કરી આવો' કે 'આ ગાર્ડનમાં બહુ સ્નેક નીકળે છે', ઇત્યાદિ જેવા વાક્યો બોલાતાં આપણે અવારનવાર સાંભળીએ છીએ. આવું બોલનારી વ્યક્તિ 'મને પણ અંગ્રેજી આવડે છે' એમ સાબિત કરવા માગતી હોય છે; કમનસીબી એટલી જ કે આવું ભંગાર (તૂટેલા-ફૂટેલાના અંર્થમાં પણ) ગુજરાતી બોલનાર 'એને સારું-સાચું ગુજરાતી પણ આવડતું નથી' એટલી જ પોતાની છાપ, એની જાણ બહાર જ, અન્ય લોકોના મન ઉપર પાડે છે.

બોલચાલની ભાષા સિવાય, ઉચ્ચ અભ્યાસમાં પણ અંગ્રેજીનો દબદબો વધતો જાય છે. (કેમ જાણે અંગ્રેજીમાં લખવામાત્રથી આપોઆપ જ એ ઉત્તમ બની જતું ન હોય!) ગુજરાતમાં પંડિતયુગ દરમ્યાન અને એ પછી ગાંધીયુગમાં પણ અંગ્રેજી પારિભાષિક શબ્દોના અનુવાદ કરી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં વિદ્વાનોએ ભારે મહેનત કરી. ભારતીય ભાષાઓ માટે આચાર્ય રઘુવીરે કરેલા ભગીરથ કાર્યને અહીં યાદ કરી શકાય. રેલવેના 'સિગ્નલ' માટે આચાર્યે 'સંકેત' એવો શબ્દ પ્રયોજ્યો હોવા છતાં એમણે 'અગ્નિરથ-ગમન-આગમન-સૂચક-લોકપટ્ટિકા' કે 'અગ્નિરથ-આવન-જાવન-રોકનહારા-લોહદંડા' એમ પર્યાય ઘડ્યો એવો દુષ્પ્રચાર કરી એમના કોશ ઉપર અને નામ ઉપર પણ મોટી કાળી ચોકડી મારવામાં આવી. ગુજરાતમાં આ પ્રવૃત્તિને 'ભદ્રંભદ્રીય' કહીને ઉતારી પાડવાનો પ્રયત્ન થયો, અને આપણા સૌના દુર્ભાગ્યે એ સફળ પણ થયો. આવી અનુવાદ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાને બદલે ઉતારી પાડવાની જ (ગુલામમાનસની દ્યોતક?) માનસિકતાને પરિણામે જ આચાર્ય રઘુવીરનો અદ્‌ભુત કોશ વિસ્મૃતિની ગર્તામાં ધકેલાઈ ગયો. કેટલાં કહેવાતાં વિશ્વવિદ્યાલયોનાં એવાં જ કહેવાતાં પુસ્તકાલયોમાં આચાર્ય રઘુવીરનો કોશ હશે કે કેટલા વિજ્ઞાનના અધ્યાપકોએ આચાર્યનું નામ પણ સાંભળ્યું હશે એવો પ્રશ્ન પૂછીએ તો એનો ઉત્તર નકારમાં મળવાની નવ્વાણુ ટકા શક્યતા.

એનો અર્થ એવો નથી કે આ કહેવાતી ભદ્રંભદ્રીય પરિભાષામાં કોઈ સુધારાને અવકાશ જ નહોતો કે એ સર્વાંગસંપૂર્ણ હતી. એમાંથી સુયોગ્ય પર્યાય સ્વીકારી અન્ય પર્યાયો માટેની ખોજ ચાલુ રાખી હોત તો ભારતીય ભાષાઓ અત્યારે છે તેના કરતાં ઘણી વધારે સમૃદ્ધ બની હોત અને અંગ્રેજીમાંથી — અને અંગ્રેજીમાંથી જ શા માટે, અન્ય ભાષાઓમાંથી પણ — અનુવાદની પ્રવૃત્તિ વધુ વેગવાન અને ઉપયોગી બની હોત.

ઉચ્ચ શિક્ષણ દ્વારા સ્થાનિક ગ્રામીણ સમાજના ઉત્થાનના ઉમદા આદર્શને વરેલી આપણી વિદ્યાપીઠમાં સામાજિક વિજ્ઞાનોમાં પીએચ.ડી.ના મહાનિબંધ અંગ્રેજીમાં જ રજૂ કરવા ઉપર ભાર મૂકાયો છે. આપણું અંગ્રેજીનું શિક્ષણ પાયામાંથી જ નબળું હોવાને કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ એમણે કાચા-પાકા ગુજરાતીમાં લખેલા નિબંધોનો એવો જ કાચા-પાકા અંગ્રેજીમાં તરજૂમો કરાવી લે છે. આમ કરવાથી આપણી વિષયની જાણકારીમાં વધારો થાય છે? ગુજરાતી ભાષાની સેવા થાય છે? અંગ્રેજીનું જ્ઞાન વધે છે? કે પછી આવા કાચા-પાકા તરજૂમા કરનારાઓને આપણે અવાંછનીય પ્રોત્સાહન પૂરું પાડીએ છીએ? - પદવીદાનના આ મંગળપર્વે વિદ્યાજગતનું વ્યાપક હિત જોઈ શકનારા આપણે સૌ સહુ સાથે મળીને વિચારીએ; તમસમાંથી જ્યોતિ તરફ ડગ માંડીએ.

શુભ દીપાવલી! નૂતનવર્ષાભિનંદન!

– હેમન્ત દવે

# યુગપુરુષ વિવેકાનંદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો ઉદ્‌ઘાટન સમારંભ






સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા બાકરોલ-જોળ માર્ગ પર અંદાજે રૂા. ૬ કરોડના ખર્ચે નિર્મિત યુગપુરુષ વિવેકાનંદ રમત-ગમત સંકુલને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખુલ્લું મૂક્યું હતું.

આ પ્રસંગે સાંસદશ્રી લાલસિંહ વડોદિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જશવંતસિંહ સોલંકી, ધારાસભ્યો સર્વશ્રી રોહિતભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, અગ્રણીશ્રી દીપકભાઈ પટેલ, કલેક્ટરશ્રી રાકેશ શંકર, યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટીના ડીન, પ્રાધ્યાપકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તેમજ રમતવીરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ અદ્યતન સુવિધાસભર રમત-ગમત સંકુલમાં બાસ્કેટબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, ટેબલટેનિસ કોર્ટ સહિત કબડ્ડી અને ખો-ખો માટે ઇન્ડોર મેદાનનું નિર્માણ કરાયું છે. ૧૫૦૦ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતા આ સંકુલમાં સ્પોર્ટ્સ કોર્ટ માટે નીઓડેક્સ, પી.યુ. સિન્થેટિક રબર ફ્લોરિંગ અને સમફ્લેક્સ વુડન લેમિનેટેડ ફ્લોરિંગ તેમજ ગ્રીન ડિઝાઈનને અનુરૂપ અર્થ ટ્યુબિંગ ટેકનિકનો વિનિયોગ કરવામાં આવ્યો છે.



આણંદ જિલ્લાને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબના આ રમત-ગમત સંકુલનું નજરાણું મળ્યું છે ત્યારે આ પ્રસંગે પોતાના પ્રવચનમાં શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ સંકુલનું નામ ઉજાગર કરવા સૌને અનુરોધ કર્યો હતો. વધુમાં એમણે જણાવ્યું હતું કે સારા નાગરિકોનું ઘડતર વર્ગખંડ અને રમતના મેદાનમાં થાય છે. આ સંકુલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ રમતવીરો પૂરા પાડશે. મંત્રીશ્રીએ સ્વામી વિવેકાનંદજીના જીવન મૂલ્યોને જીવનમાં આત્મસાત્ કરવા યુવાનોને અપીલ કરી હતી.

મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સરદાર પટેલ યુનિવર્સિટીના ૧૨ જેટલા રમતવીરોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુ. જલ્પા કાછિયાએ યોગ નિદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢે જણાવ્યું હતું કે આ અદ્યતન સુવિધાસભર રમત-ગમત સંકુલમાં યુવાનોને રમત-ગમત પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન મળી રહેશે. સિન્ડીકેટ સભ્યશ્રી રાજેશભાઈ પટેલે મહેમાનોનો પરિચય આપ્યો હતો. અંતમાં કાર્યકારી કુલસચિવશ્રી મોહનભાઈ પટેલે આભારવિધિ કર્યો હતો.

# RUN FOR THE UNITY




**Sardar Patel University**, named after the Iron Man of India, includes in its regular calendar two dates: 31 October, the Birth Anniversary and 15 December, the ***Punya Prayan*** Anniversary of the Lohpurush of India. Our regular convocation is scheduled every year on $15^{th}$ of December and a great deal of celebrations and various activities like lectures, debates, elocutions, quizzes around the life and work of Shree Sardar Vallabhbhai Zaverbhai Patel on and around 31 October are a regular feature of the university since its inception. The university hosts **The Sardar Patel Chair**, devoted to the research and other activities involving Sardar and his contribution to building India. *The* ***ifs*** and ***buts*** are discussed round the year about various events in the Sardar era on possible presence and absence of this great man's involvement in certain events like Kashmir, Hyderabad and Junagadh issues. His disciples like Kanaiyalal M Munshi and Shree H M Patel are discussed in detail in the perspective of various stands and acts of Sardar.

31 October, 2014 declared as the National Integration Day by the Government of India was a very special and the day of pride for the Sardar Patel University. The University conducted a

series of programmes under the able leadership of the Sardar Patel Chair and the Internal Quality Assurance Cell (IQAC) of the university. The activities included paying tributes, garlanding the bust of Sardar Patel in the forecourt of the University Administrative Wing, the pledge taking function, ***Run for the Unity***, an invited talk by the chairperson of the Sardar Patel Chair, and an informal discussion meeting with a small group of students. The dignitaries at the function included several Senate and Syndicate Members, the members of teaching and administrative family of the university and all of them offered ***Pushpanjali*** to the bust. In the oath taking ceremony, Registrar in charge, OSD, Dr M C Patel and Dr D J Karia, Co-coordinator, IQAC, recited the oath followed by the SPU Family. The ***Run for the Unity*** was led by Prof Dr N V Sastry, Co-coordinator, IQAC and Deputy Registrars Tushar Majmudar and Nilesh Patel. Students and the family members of the employees of the university also joined all these three events. An invited talk on the life and works of the **Iron Man of India**, Sardar Vallabhbhai Patel was delivered by Prof Jigish Pandya, the chairperson of the Sardar Patel Chair of the university. In an informal discussion on Sardar Patel and his contributions to the cooperative movement in Charotar Region was governed by Prof Dr N V Sastry and Dr Dinesh J Karia in the office of the Registrar, Sardar Patel University. The colleges, affiliated to Sardar Patel University and grouped according to their Managing Trusts, also arranged various events including those mandated by UGC.

---

- મનોવિજ્ઞાન વિભાગમાં છેલ્લાં બે વર્ષથી Rehabilitation Council of India (RCI) New Delhi દ્વારા પ્રમાણિત B.Ed. Special (MR)નો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. આ ડીગ્રી હિન્દી-અંગ્રેજી માધ્યમમાં ચાલે છે જે સમગ્ર દેશમાં માન્ય છે. આના જ અનુસંધાનમાં RCI દ્વારા વિભાગને આ વર્ષે M.Ed. Special (MR)ના અભ્યાસક્રમની પરવાનગી મળેલ છે. સમગ્ર ગુજરાતમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રથમ વખત આ અભ્યાસક્રમ શરૂ થયો છે, જે યુનિવર્સિટી તેમજ વિભાગ માટે ગૌરવની વાત છે. દેશમાં B.Ed. Special (MR)નું આ છઠ્ઠું સેન્ટર બનશે.

- યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર ખાતે તાજેતરમાં લિફ્ટની સુવિધા ઊભી કરવામાં આવી છે, ત્યાં જ બીજા માળે અંદાજિત ૧૧૦૦ ચો.ફીટનું એક્સટેન્શન બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે. યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ દ્વારા ₹ ૭.૪૬,૬૫૦/-ના ખર્ચથી હાઇડ્રલિક ગુડ્સ લિફ્ટ ૧ ટનની ક્ષમતા ધરાવતી પૂરી પાડવામાં આવેલ છે.

- **Prof. Harikrishna Chandulal Trivedi** (Former Vice-Chancellor, Bhavnagar University, Bhavanagar and Former Prof. & Head, P.G. Department of Chemistry, Sardar Patel University, Vallabh Vidyangar) has been appointed as the Honorary Chairman of the Experts Advisory Committee (EAC) on the Entrepreneurship in Education as well as the Member of the National Science and Technology Entrepreneurship Development Board (NSTEDB) by Govt. of India, Ministry of Science and Technology, Department of Science and Technology, New Delhi with effect from 10th November, 2014 for a period of three years.

# આંતરકોલેજ યુવા મહોત્સવ – ૨૦૧૪



તા. ૨૩-૨૪-૨૫ સપ્ટેમ્બર ૨૦૧૪ દરમિયાન સરદાર પટેલ યુનિવર્સિટીના આંતરકોલેજ યુવા મહોત્સવ યોજાયો હતો. ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટીના ચેરમેન તથા સિનિયર સિન્ડીકેટ સભ્ય બિપીનચંદ્ર પટેલ (વકીલ), સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તથા સેક્રેટરી ભીખુભાઈ એન. પટેલ, યુથ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝિંગ કમિટીના ચેરમેન એન. આર. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડૉ. મોહન પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કલ્ચરલ કો-ઓર્ડિનેટર ગુરુસેવકસિંઘ સગ્ગુ, ઉપરાંત મહારાષ્ટ્રથી સંગમનેર ઈન્ડસ્ટ્રીઝના રાજેશભાઈ માલપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિવિધ સત્તામંડળના ટ્રસ્ટીઓ, અધ્યાપકો, યુનિવર્સિટીનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત તથા પરિચય ઓર્ગેનાઈઝિંગ કમિટીના ચેરમેન એન. આર. પટેલે કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓના કલા કોશલ્યને વિકસાવવા માટે આ પ્રકારના યુવા મહોત્સવને યોજવા માટે ખાસ ભાર મૂક્યો હતો. બિપીનચંદ્ર પટેલે વિદ્યાર્થીઓને વિવેકાનંદ અને નરેન્દ્ર મોદીના જીવનમાંથી પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો હતો.






યુવા મહોત્સવના પ્રથમ દિવસે સવારે ૯ વાગ્યે એકાંકી સ્પર્ધામાં ૯, શાસ્ત્રીય વાદ્યવાદન-એકલમાં ૪, શાસ્ત્રીય વાદ્યવાદન-એકલ(બિન ઘનવાદ્ય)માં ૪, તત્કાલ ચિત્રમાં રાતનો વાહન અકસ્માત, પતંગ ઉત્સવ, આધુનિક કલા વિષયો પર-૧૦, હળવા કંઠ એકલમાં ૧૦, પોસ્ટર સ્પર્ધામાં 'નગર સ્વચ્છતા', 'રક્તદાન' અને 'એક્તા' વિષય પર ૧૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધાનો વિષય હતો, 'દેશની સરહદો પર તણાવ, દેશના વિકાસમાં બાધક બની શકે છે'. આ વિષય પર ૧૦ સ્પર્ધકોએ વક્તવ્યો આપ્યાં હતાં. એનો મુખ્ય ઝોક હતો 'If there is peace, there is development'. ચર્ચાસ્પર્ધાનો મુખ્ય વિષય હતો 'એકવીસમી સદીમાં ફક્ત ઈ-શિક્ષણ થકી જ જ્ઞાન મળી શકે'. વિષય પર વાદ અને પ્રતિવાદ વિદ્યાર્થીઓ એ રજૂ કર્યા હતા જેમાં ગુરુશિષ્ય પરંપરા, ગુરુનું મહત્ત્વ ઉપરાંત એકવીસમી સદીમાં ઇન્ટરનેટ અને કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ મેળવવા ઉપર રજૂઆતો થઈ. ઠઠ્ઠાચિત્ર સ્પર્ધામાં સમાજ, શિક્ષણ તથા ચૂંટણી આવા વિષયો પર દસ વિદ્યાર્થીઓએ ઠઠ્ઠાચિત્ર દોર્યાં હતાં. એકાંકી નાટકોમાં મુખ્ય વિષય ભ્રષ્ટાચાર રહ્યો હતો. સમૂહગીત સ્પર્ધા (ભારતીય)માં ગુજરાતી, બંગાળી, રાજસ્થાની અને હિન્દી ગીતો સહિત દેશભક્તિ ગીતો રજૂ થયાં. જેમાં ઝૂલણ મોરલી વાગી રે, વા વાયા ને વાદળ ઉમટ્યાં, સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો, વગેરે ગીતોએ શ્રોતા જનોને ઝુમાવ્યાં હતા. લોક વાદ્યગાનમાં ફક્ત ત્રણ જ સ્પર્ધકો હતા જેમણે ઢોલ, તબલાં, મંજીરા દ્વારા પોતાની પ્રસ્તુતિ કરી હતી.






યુવા મહોત્સવના બીજા દિવસે સવારે ૯ વાગ્યે લઘુનાટ્યથી શરૂઆત થઈ હતી. જેમાં શિક્ષણમાં ભ્રષ્ટાચાર, અચ્છે દિન કી શુરુઆત જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી. ઉપરાંત સમૂહગાન (પાશ્ચાત્ય), એકલગાન (પાશ્ચાત્ય)જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. માનવવિદ્યાભવનના ખંડ-૧૪માં રંગોળી સ્પર્ધામાં ૧૩ વિદ્યાર્થીઓ, મૃદા પ્રતિમામાં વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાની કલા પ્રદર્શિત કરી હતી. ઓન ધ સ્પોટ ફોટોગ્રાફીમાં વિદ્યાર્થીઓને ભૂદૃશ્ય, પરિપ્રેક્ષ્ય તથા મનુષ્ય અને વૃક્ષ વિષય પર ફોટોગ્રાફ પાડ્યા હતા. અશાબ્દ અભિનય સ્પર્ધામાં સ્ત્રીઓની છેડતી, દેશની સરહદ સુરક્ષા, આજના યુગમાં ગાંધી વિચારની જરૂરિયાત જેવા વિષયોએ પ્રેક્ષકોને ખૂબ જ અસર પહોંચાડી હતી. આ ઉપરાંત શાસ્ત્રીય નૃત્ય, જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. એમ.પી. પટેલ ઓડિટોરિયમમાં સમી સાંજે પ્રશ્નસ્પર્ધા યોજાઈ હતી.

ત્રીજા દિવસે લોકનૃત્ય તથા સમાપન સમારંભ યોજાયાં હતાં. આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેઓએ પોતાના ઉદ્બોધનમાં પોતાની કોલેજનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. આ યુવા મહોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને એમણે અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે આ યુવા મહોત્સવમાં ખાસ સહકાર આપનાર સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ પટેલ તથા આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટીના ચેરમેન બિપિનભાઈ પટેલનો ખાસ આભાર માન્યો હતો.



સમાપન સમારંભમાં યુવા મહોત્સવના અધ્યક્ષ ડૉ. એન. આર. પટેલ, સાંસ્કૃતિક સંયોજક ડૉ. ગુરુસેવક સિંઘ, કા. કુલસચિવ ડૉ. મોહનભાઈ પટેલ સહિત સેનેટ તથા સિન્ડિકેટ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નવનીત ચૌહાણે કર્યું હતું.

આ યુવક મહોત્સવમાં સતત બીજા વર્ષે પણ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ.પટેલ આર્ટ્સ કોલેજ વિજેતા બની હતી. ઉપરાંત પ્રથમ ઉપવિજેતા તરીકે સતત બીજા વર્ષે પણ સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ આવી હતી.

આ યુવા મહોત્સવમાં કુલ ૨૩ ટીમોના કુલ ૬૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



# SARDAR PATEL UNIVERSITY

## Vallabh Vidyanagar

## 57th CONVOCATION - 15 DECEMBER 2014

**STATEMENT SHOWING THE GOLD MEDALS/GOLD PLATED MEDALS AWAREDED TO THE STUDENTS FOR APRIL/MAY/JUNE/JULY-2014 EXAMINATION**

| Sr. No. | NAME OF THE EXAM. | NAME OF THE GOLD MEDALS/ GOLD PLATED MEDALS | COLLEGE/ DEPTT. | NAME OF THE STUDENT AWARDED THE MEDAL |
|---|---|---|---|---|
| 1. | B.A. | SHETH HARGOVANDAS LAKHMICHAND GOLD PLATED MEDAL (ECONOMICS) | NA & TV | PRITIBEN GULABBHAI BHOYA |
| 2. | B.A. | DR. OMANAND R. SARASWAT GOLD PLATED MEDAL (HINDI) | NSP | NILESHKUMAR RANCHHODBHAI CHAVDA |
| 3. | B.A. | CHAROTAR NAGRIK SAHAKARI BANK LTD. GOLD PLATED MEDAL (GUJARATI) | AAC | AMARSINH HIRABHAI BARIA |
| 4. | B. INTERIOR DESIGN | PARISAR TRUST INTERIOR DESIGN GOLD MEDAL | APIED | VIDHI MILANBHAI PATEL |
| 5. | M.A. | SHRI SHIVABHAI MARGHABHAI PATEL GOLD PLATED MEDAL | PSYCHOLOGY | TARALIKA VRAJLAL SOJITRA |
| 6. | M.A. | PANDIT MOTILAL NEHRU CENTENARY GOLD PLATED MEDAL (LANAGUAGE GROUP) | SANSKRIT | SHAILESHKUMAR MOHANSINH RAULJI |
| 7. | M.A. | SHETH RUPSI MADHAVJI MEMORIAL SANSKRIT GOLD PLATED MEDAL (SANSKRIT) | SANSKRIT | SHAILESHKUMAR MOHANSINH RAULJI |
| 8. | M.A. | PANCHAM PITHADHISHWAR GOSWAMIJI SHRI GOVINDLALJI MAHARAJ GOLD PLATED MEDAL | SANSKRIT | ARVINDBHAI JETHABHAI TALPADA |
| 9. | M.A. | PROF. R.K. AMIN GOLD PLATED MEDAL (ECONOMICS) | ECONOMICS | PRAFULLSINH NARENDRASINH MAHIDA |
| 10. | M.A. | LATE SHRI DAHYABHAI TULSIBHAI PATEL (BAKROL) GOLD PLATED MEDAL(AGRI.ECO.) (ECONOMICS) | ECONOMICS | AALIYA ABDULKALIM KHAN |
| 11. | M.A. | LATE PROF. JASHBHAI KASHIBHAI PATEL SMRUTI SUVARNA CHANDRAK(GUJARATI) | NSP | DHRUVINKUMAR RAMANBHAI PATEL |
| 12. | M.A. | SATYABALA VIMOCHANRAV DESAI GUJARATI GOLD MEDAL (GUJARATI) | NSP | DHRUVINKUMAR RAMANBHAI PATEL |
| 13. | M.A. | PROF. R.A. DAVE GOLD PLATED MEDAL (ENGLISH) | ENGLISH | PRIYANKA SUNILKUMAR JANI |
| 14. | M.A. | SMT. KASHIBEN MOTIBHAI LALLUBHAI PATEL (RAS ) GOLD PLATED MEDAL (HISTORY) | HISTORY | VIJAYKUMAR TEJABHAI NINAMA |

| | | | | |
|---|---|---|---|---|
| 15. | M.A. | P.G. HISTORY DEPARTMENT SARDAR PATEL UNIVERSITY GOLD PLATED MEDAL (HISTORY) | HISTORY | TANVIBEN PRATAPBHAI CHAUDHARI |
| 16. | M.A. | DR.(MRS.)CASHMERA P. BHAYA GOLD MEDAL (SOCIOLOGY) | SOCIOLOGY | CHANDRAKANT MANGALBHAI VANKAR |
| 17. | M.A. | SHRI M.G. MERCHANT SMT. NEELAM MERCHANT & DR. AMRAPALI MERCHANT GOLD MEDAL (SOCIOLOGY) | SOCIOLOGY | CHANDRAKANT MANGALBHAI VANKAR |
| 18. | M.A. (E.L.T) | CHARUTAR VIDYA MANDAL'S H M PATEL GOLD PLATED MEDAL (ELT) | HMPI | PRAKRUTI TULJASHANKAR JOSHI |
| 19. | B.LIB. SCI. | DR GORDHANBHAI SHANABHAI PATEL GOLD PLATED MEDAL (OVER ALL) | LIB. SCI. | BHAVESHBHAI NARAYANBHAI SARGARA |
| 20. | M.LIB. SCIENCE | DR. C.N. RAVAL GOLD MEDAL (OVER ALL) | LIB. SCI. | MADHURIBEN VINODCHANDRA CHAUHAN |
| 21. | M.PHIL (HISTORY) | SMT. SHARDABEN AND SHRI MANUBHAI RAGHUBHAI SOLANKI GOLD PLATED MEDAL(HISTORY) | CERLIP | RIYAZ AYUBBHAI DIWAN |
| 22. | M.S.W. | SHRI R.O.SHAH STATE BANK OF INDIA EMPLOYEES UNION, AHMEDABAD CIRCLE GOLD MEDAL (OVER ALL) | NSP | NISHABEN VINUBHAI PATEL |
| 23. | B.SC. | SMT. KAMLABEN CHANDULAL DESAI GOLD PLATED MEDAL (CHEMISTRY) | VP SCI. | AESHABEN DHANSUKHBHAI PATEL |
| 24. | B.SC. | DR. KANUBHAI CHUNIBHAI DESAI GOLD MEDAL (CHEMISTRY) | VP SCI. | AESHABEN DHANSUKHBHAI PATEL |
| 25. | B.SC. | DR. B N MANKAD GOLD PLATED MEDAL(CHEMISTRY) | VP SCI. | AESHABEN DHANSUKHBHAI PATEL |
| 26. | B.SC. | SMT. RAMABEN GHANSHYAMBHAI PATEL GOLD PLATED MEDAL (BOTANY) | VP SCI. | JINALBEN PARSHURAM PATEL |
| 27. | B.SC. | SHRI KUBERBHAI VRAJBHAI PATEL GOLD PLATED MEDAL (OVER ALL ,ALL STUDENTS) | VP SCI. | ANKURKUMAR JOHNBHAI DABHI |
| 28. | B. SC. | DR. H. K. PATEL CHARUTAR VIDYA MANDAL GOLD MEDAL (Physics) | VP SCI. | ANKURKUMAR JOHNBHAI DABHI |
| 29. | B.SC. | PRIN. N. D. DESAI GOLD PLATED MEDAL (MATHEMATICS & STATISTICS) | VP SCI. | BHAVIKABEN HARSHADBHAI THAKKAR |
| 30. | B.SC. | DIPEE CHEMICALS PRIVATE LTD. (ANKLESHWAR) GOLD PLATED MEDAL (IND.CHEMISTRY) | NVPAS | RAJAL HITESHBHAI PATEL |
| 31. | B.SC. | DR. D.A.RAVAL GOLD MEDAL (IND.CHEMISTRY) | NVPAS | RAJAL HITESHBHAI PATEL |
| 32. | B.SC. | CHARUTAR VIDYA MANDAL GOLD PLATED MEDAL (INSTRUMENTATION OR INSTRUMENTATION VOC.) | NVPAS | MITULA MANOJKUMAR DONGA |
| 33. | B.SC. | CHARUTAR VIDYA MANDAL GOLD PLATED MEDAL (BIO-TECHNOLOGY) | PMP BIO SCI. | SANDEEPKUMAR NAVINBHAI PATEL |

| | | | | |
|---|---|---|---|---|
| 34. | B.SC. | CHARUTAR VIDYA MANDAL GOLD PLATED MEDAL (ENVIRONMENTAL SCIENCE) | NVPAS | DHARITRI BHARATBHAI RAMANLAL |
| 35. | B.SC. | CHARUTAR VIDYA MANDAL GOLD PLATED MEDAL (INFORMATION TECHNOLOGY) | NVPAS | SHALIN PRADIPBHAI SHAH |
| 36. | B. SC. | DR. B. R. PATEL GOLD MEDAL (GENETICS) | NVPAS | ANUJA YOGIN PARIKH |
| 37. | M.SC. | SHRI ASHABHAI BABERBHAI PATEL GOLD PLATED MEDAL (All Branch) | PMP | HIRALBEN NAVNEETBHAI PATEL |
| 38. | M.SC. | "SHUSHILABEN MANUBHAI PATEL GOLD PLATED MEDAL" (Information Technology) | PMP | HIRALBEN NAVENEETBHAI PATEL |
| 39. | M.SC. | PRIN N.D. DESAI GOLD PLATED MEDAL (Mathematics & Statistics) | MATHEMATICS | ZANKHANA JAGDISHCHANDRA MALI |
| 40. | M.SC. | PURUSHOTTAM L. PATEL OF (SOJITRA) GOLD MEDAL (MATHEMATICS) | MATHEMATICS | ZANKHANA JAGDISHCHANDRA MALI |
| 41. | M.SC. | DEV PUSHPA GOLD MEDAL (MATHEMATICS) | MATHEMATICS | ZANKHANA JAGDISHCHANDRA MALI |
| 42. | M.SC. | DR. M.D. AVASARE GOLD PLATED MEDAL(Chemistry) (ALL BRANCH CHEMISTRY) | CHEMISTRY | PRIYANKABEN KANAKSINH RATHVA |
| 43. | M.SC. (ORGANIC CHEMISTRY) | LATE SHRI MAHENDRABHAI GORDHANBHAI PATEL GOLD PLATED MEDAL (ORGANIC CHEMISTRY) | CHEMISTRY | PRIYANKABEN KANAKSINH RATHVA |
| 44. | M.SC. | DR. M.R. PATEL GOLD PLATED MEDAL (TRANSPEK LIMITED) (Chemistry) (ALL BRANCH CHEMISTRY) | CHEMISTRY | PRIYANKABEN KANAKSINH RATHVA |
| 45. | M.SC. | DR. RANCHHODBHAI MADHAVBHAI PATEL GOLD PLATED MEDAL (Botany) | BRD-BIO. SCI. | SYMA MAMMEN |
| 46. | M.SC. | PROF. RAOJIBHAI JIJIBHAI PATEL, SHASHTHI PURTI SAMAROH GOLD PLATED MEDAL (By Rotation) Botany, Zoology, Bio-Chem. | BRD-BIO. SCI. | MAITRI KAMLESHKUMAR PATEL |
| 47. | M.Sc. | DR. RALLABHANDI SAILAJA'S MEMORIAL GOLD MEDAL (ZOOLOGY) | BRD-BIO. SCI. | KRUPAL KANUBHAI PATEL |
| 48. | M.SC. | PROF. S.M. SHAH GOLD PLATED MEDAL (Statistics) | STATISTICS | TRUPTIBEN RAMESHBHAI RATHOD |
| 49. | M.SC. | O.C. SHAH USHA PAINTS GOLD PLATED MEDAL (SURFACE COATING) | ISTAR | JATINKUMAR ARVINDBHAI DESAI |
| 50. | M.SC. | SOUJANYA ENTERPRISIES GOLD MEDAL (SURFACE COATING) | ISTAR | JATINKUMAR ARVINDBHAI DESAI |
| 51. | M.SC. | CHARUTAR VIDYA MANDAL YASHODHARABEN AMBALAL PATEL GOLD PLATED MEDAL (Polymer Sci.& Technology) | ISTAR | RAVIKUMAR BHAGVANJIBHAI SAVALIYA |
| 52. | M.SC. | "MAHARSHI DAYANAND SARASWATI GOLD PLATED MEDAL" CHAROTAR PRADESH ARYA SAMAJ ANAND. (MICROBIOLOGY) | BRD-BIO. SCI. | AISHWARYA KUMUD KAMALKISHOR SHUKLA |

| | | | | |
|---|---|---|---|---|
| 53. | M.SC. | CHARUTAR VIDYA MANDAL DR. R P PATEL GOLD PLATED MEDAL (Industrial Chemistry) | ISTAR | MEENABEN NARENDRASINH PARMAR |
| 54. | M.SC. | DR. A.R. PATEL 60TH BIRTHDAY CELEBRATION GOLD PLATED MEDAL (PHYSICS) | PHYSICS | PARUL ASHOK GUPTA |
